# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે કહ્યું , ભારત વૈશ્વિક રોકાણ માટે નેતૃત્વ કરનારો દેશ બની રહ્યો છે.**
2. **રાજ્યમાં 75 હજારથી વધુ પરીક્ષાર્થીઓ આજે નીટની પરીક્ષા આપશે.**
3. **મહેસુલ વિભાગનાં અધિક મુખ્ય સચિવે ઉનાળામાં હિટવેવને લઈ તકેદારીના પગલાં લેવા તમામ કલેક્ટરોને અનુરોધ કર્યો.**
4. **તોલમાપ તંત્રએ રાજ્યવ્યાપી દરોડા પાડી ખેતી ઉપકરણોના 190 જેટલા વિક્રેતાઓ સામે કાર્યવાહી કરી**
5. **રાજ્યના કેટલાક જિલ્લાઓમાં આજે વરસાદની આગાહી.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CR PAATIL SURAT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે કહ્યું , આજનું ભારત માત્ર ગ્રાહક નહીં, પરંતુ વૈશ્વિક રોકાણનું નેતૃત્વ કરનારું બની રહ્યું છે. સુરતમાં ગઈકાલે ગ્લૉબલ ઇન્વેસ્ટર કૉન્ફરન્સની સાતમી આવૃત્તિમાં પોતાના સંબોધનમાં શ્રી પાટીલે આ મુજબ જણાવ્યું હતું.

સોશિયલ મીડિયા પર તેમણે જણાવ્યું કે , આ પરિસદમાં રોકાણ અને નવિનતા જેવા વિષય પર ભારતના વિકાસશીલ ભવિષ્ય અંગે સંવાદ થયો. દેશના અગ્રણી રોકાણકારો અને નીતિ નિર્માતાઓ સાથે સંવાદની તક મળી. શ્રી પાટીલે વિકસિત ભારતનું સપનું ઝડપથી સાકાર થઈ રહ્યો હોવાનો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

---

# NEET EXAM

મેડિકલમાં પ્રવેશ માટેની રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા એટલે કે , નીટ-ની પરીક્ષા આજે રાજ્ય સહિત દેશભરમાં યોજાશે. અંદાજે એક લાખ બેઠક પર પ્રવેશ માટે યોજાનારી આ પરીક્ષા રાજ્યના 75 હજારથી વધુ પરીક્ષાર્થીઓ આપશે. જ્યારે દેશભરમાંથી 24 લાખથી વધુ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે.

સાંભળીએ એક અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ નિકિતા શાહ)**

આજે બપોરે 2થી 5 વાગ્યે સુધી યોજાનારી નીટની પરીક્ષા માટે પરીક્ષાર્થીઓએ બપોરે દોઢ વાગ્યા સુધીમાં પરીક્ષા કેન્દ્રમાં પહોંચવું પડશે. પરિક્ષાર્થીઓને સ્વ-ઘોષણાપત્ર , ઓળખપત્ર તથા હોલ ટિકિટ અને પરીક્ષાના પ્રવેશપત્ર વગર કેન્દ્રમાં પ્રવેશ નહીં અપાય. ઉલ્લેખનીય છે કે , આ વર્ષે નીટનું પ્રશ્નપત્ર માત્ર 720 ગુણનું હશે. તેમાં એક પ્રશ્ન ચાર ગુણનો રહેશે. જ્યારે દરેક ખોટા જવાબ માટે એક ગુણ કાપવામાં આવશે. નીટ અનુસ્નાતક પરીક્ષાનું પરિણામ આગામી 14 જૂને જાહેર કરાશે.

(ગાંધીનગરથી દુર્ગેશ મહેતા સાથે નિકિતા શાહ, આકાશવાણી, અમદાવાદ.)

---

# JAYANTI RAVI ANAND

આણંદ જિલ્લામાં મહેસુલ વિભાગ દ્વારા તમામ જિલ્લાના કલેક્ટરો માટેની પરિસદ યોજાઈ , જેમાં મહેસુલ વિભાગનાં અધિક મુખ્યસચિવ જયંતી રવિએ આધુનિક ટેક્નોલૉજીના મહત્તમ ઉપયોગ થકી નાગરિકોને ઝડપી અને અસરકારક મહેસુલી સેવાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું. તેમણે જિલ્લા સ્તરે અન્ય સરકારી વિભાગો સાથે સંકલન સાધી એક ટીમ તરીકે સમયમર્યાદામાં નાગરિકોના પ્રશ્નોનો નિકાલ કરવા પણ અનુરોધ કર્યો હતો.

રાષ્ટ્રીય ડેરી વિકાસ બૉર્ડ- N.D.D.B. દ્વારા જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી યોજાયેલી પરિસદમાં સુશ્રી રવિએ દરેક જિલ્લામાં ઉનાળામાં હિટવેવને અનુલક્ષી લેવાના તકેદારીના પગલાં , ચોમાસા પહેલા કરવાની કામગીરી , પીવાના પાણી પરિસ્થિતિની સમીક્ષા કરી યોગ્ય વ્યવસ્થા કરવા કલેકટરોને સૂચના આપી હતી.

---

# CHEKDEM

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના મેઘવડીયા ગામ ખાતે પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ ગઈકાલે ત્રણ ચેકડૅમનું ખાતમુહૂર્ત કર્યું. એક કરોડ 95 લાખથી વધુના ખર્ચે નિર્માણ પામનારા આ ચેકડૅમ કેરી, રજાવડ અને ઘેલો નદીના પાણીનો સંગ્રહ કરશે. ચેકડેમ બનતા ખેડૂતોને લાભ થશે અને વરસાદનું પાણી દરિયામાં વહી જતું અટકશે. આ પ્રસંગે શ્રી બાવળિયાએ ખેડૂતોને જરૂર મુજબ પાણીનો ઉપયોગ કરવા માર્ગદર્શન આપ્યું..

## (બાઈટ- કુંવરજી બાવળિયા)

---

# BADRINATH DHAM

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં બદ્રીનાથ ધામના પવિત્ર કપાટ આજે સવારે છ વાગ્યે પરંપરાગત પૂજા-વિધિ સાથે ખોલવામાં આવ્યા. ભગવાન ઉદ્ધવ અને ગરુડની ઉત્સવ ડોલી અને આદિ ગુરુ શંકરાચાર્યજીની ગાદી આજે બદ્રીનાથ ધામ પહોંચી ગઈ છે. જ્યારે ભગવાન કુબેરની ઉત્સવ ડોલી રાત્રે વિશ્રામ માટે બામણી ગામમાં આવેલી મા નંદા દેવી મંદિર પહોંચી છે.

દરમિયાન બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ દ્વારા મંદિરનો ફૂલોથી શણગાર કરાયો છે. ધામમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓનું આગમન શરૂ થઈ ગયું છે.

---

# GOVERNONR AMDAVAD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુરુકુળની પરંપરાને આગળ વધારવા સૌને અનુરોધ કર્યો. અમદાવાદના રામનગર ખાતે આવેલા સાબરમતી ગુરુકુલમ્ ખાતે ગઈકાલે યોજાયેલા 'આર્ય-ઉત્સવ વાર્ષિક મહોત્સવ 'માં સંબોધન કરતાં રાજ્યપાલશ્રીએ કહ્યું, ગુરુકુળમાં બાળકોના જીવનનું યોગ્ય ઘડતર થાય છે.

ગુરુકુળમાં ભણતા બાળકો જીવનના કોઈ પણ સંઘર્ષ સામે લડવા સક્ષમ હોય છે. સાબરમતી ગુરુકુલમ્ આવનારી પેઢીને યોગ્ય દિશામાં વાળવાનું કામ કરતું હોવાનું પણ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું. દરમિયાન રાજ્યપાલશ્રીના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

---

# TOLMAP DARODA

રાજ્યના તોલમાપ તંત્ર દ્વારા વિવિધ જિલ્લાઓમાં ખાતર , બિયારણ, જંતુનાશક દવાઓ અને ખેતીના સાધનોના વિક્રેતાઓ પર રાજ્યવ્યાપી દરોડા પાડવામાં આવ્યા હતા. દરમિયાન તંત્ર દ્વારા કાયદાનો ભંગ કરનારા 190 જેટલા વિક્રેતાઓ સામે કાર્યવાહી કરી અંદાજે ચાર લાખ 95 હજાર રૂપિયાનો દંડ કરાયો.

દરોડા દરમિયાન કરાયેલી તપાસમાં વિક્રેતાઓ પર મહત્તમ છૂટક ભાવ-M.R.P.થી વધુ ભાવ લેવા તેમજ ધંધામાં ઉપયોગમાં લેવાતા ઇલેક્ટ્રોનિક વજનકાંટા ચકાસણી મુદ્રાન્કન ન કરાવવા જેવી ગેરરીતિઓ સામે આવી હતી. ખેડૂતો પોતાના અધિકારોથી જાગૃત થાય અને છેતરાય નહીં તે હેતુથી આ

રાજ્યવ્યાપી ઝૂંબેશ હાથ ધરાઈ હોવાનું નિયંત્રક , કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરીની યાદીમાં જણાવાયું છે.

---

# HAVAMAN

રાજ્યમાં આગામી આઠ મે સુધી ભારે પવન સાથે વરસાદની આગાહી છે. દરમિયાન આજે કચ્છ , બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, દીવ, ગીર સોમનાથ , અમરેલી, ભાવનગરમાં ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

## (બાઈટ- એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)

દરમિયાન અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં મધરાતથી ફેરફાર જોવા મળ્યો છે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

## (વૉઈસકાસ્ટઃ અંકિત ચૌહાણ)

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમદાવાદ , ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર અને રાજકોટમાં નોંધાયું હતું. જ્યારે કંડલા હવાઈમથક , અમરેલી, ભાવનગર અને સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. આ સિવાયના જિલ્લાઓ અને શહેરોમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસથી ઓછું નોંધાયું છે.

---

# WAVES SUMMIT LAST DAY

મુંબઈમાં યોજાયેલું વિશ્વ શ્રાવ્ય દ્રશ્ય અને મનોરંજન સંમેલન – વેવ્ઝ 2025 આજે પૂર્ણ થશે. આજે છેલ્લા દિવસે ફિલ્મ નિર્માણ પર કેટલાક સત્ર અને સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે. ચાર દિવસના આ સંમેલનનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું. આ આયોજન ભારતને મીડિયા , મનોરંજન અને ડિજિટલ નવિનતાના વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ હતો. આયોજનમાં 90થી વધુ દેશના 10 હજારથી વધુ પ્રતિનિધિ જોડાયા છે.

---

# BAL PURASHKAR

ભારત સરકારે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર 2025 માટે નામાંકન આમંત્રિત કર્યા છે. રાષ્ટ્રપતિ દ્વારા દર વર્ષે દેશભરના બાળકોની અસાધારણ સિદ્ધિઓને માન્યતા આપવા અપાતો પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્તરનો પુરસ્કાર છે. આ પુરસ્કાર માટે સત્તાવાર રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ, AWARDS.GOV.IN દ્વારા આગામી 31 જુલાઈ સુધી નામાંકન ભરી શકાશે.

18 વર્ષથી ઓછી વયના યુવાનોને બહાદુરી , સમાજ સેવા , પર્યાવરણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં શ્રેષ્ઠતા દર્શાવવા બદલ આ પુરસ્કાર અપાય છે.

---